॥ सुस्वागतम ॥

# શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ

## આર્ટ્સ & કોમર્સ કોલેજ - પાલનપુર






તારીખ-૨૧/૦૬/૨૦૨૫ ને શનિવારના રોજ શ્રી બી.કે.કે.પી.એસ.એમ. આર્ટ્સ& કોમર્સ કોલેજ ના સ્ટાફ મિત્રો દ્વારા કોલેજ ના ઉત્ક્ર્ષ માટે માં ઉમિયા ના દર્શાર્થ ત્યાર બાદ વિધ્ન હરતા ગણપતિદાદા એઠોર ત્યાર બાદ અખિલ બ્રહ્માંડ ના નાથ વાડી નાથ ના દર્શન કરી ધન્ય થયા.





શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ગુરૂ પૂર્ણિમા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમ માં કૉલેજ ના આચાર્ય શ્રી અને તમામ અધ્યાપક મિત્રો હાજર રહ્યા હતા . કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા કુમકુમ તિલક કરી ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતુ અને ગુરુ મહિમા વિશે વકતવ્ય આપવામાં આવ્યું હતું.તેમજ કૉલેજ ના આચાર્ય શ્રી ડૉ. આઈ.આર.પટેલ સાહેબ દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું તેમજ પ્રો. મનીષા બેન પટેલ દ્વારા પણ ગુરૂ પૂર્ણિમા દિવસના મહિમા નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને અંતે કાર્યક્રમ ની આભારવિધિ પ્રો. કલ્પનાબેન દ્વારા કરવામાં આવી હતી





શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા અર્નેસ્ટ હેમીંગ્વે અને ઉમાશંકર જોશીની જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમ નું આયોજન કૉલેજ ના આચાર્ય શ્રી અને સમગ્ર અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું .આ કાર્યક્રમ માં કૉલેજ ના વિદ્યાર્થીઓ દ્વારા બંને કવિ ના જીવન અને કવન વિશે વકતવ્ય આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ નું સંચાલન પ્રો. હરગોવિંદભાઈ દ્વારા અને આભારવિધિ પ્રો. મુકેશભાઈ દ્વારા કરવામાં આવી હતી . આ કાર્યક્રમ માં વિશાળ સંખ્યા માં વિદ્યાર્થીઓ જોડાયા હતા.





શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા લોકમાન્ય તિલક અને ચંદ્રશેખર આઝાદ ની જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમ નું આયોજન કૉલેજ ના આચાર્ય શ્રી ના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં ઇતિહાસ વિભાગ ના અધ્યાપક શ્રી પ્રો. મુકેશભાઈ ગઢવી દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું અને S.Y.B.A English ની વિદ્યાર્થીની પટેલ નેન્સી દ્વારા પણ પ્રાસંગિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.







શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુર માં આજ રોજ કારગીલ વિજય દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ નું આયોજન કૉલેજ ના આચાર્ય શ્રી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું .જેનું સમગ્ર સંચાલન મિત્તલ બેન જોષી તેમજ આભારવિધિ અર્ચના બેન મોથલિયા દ્વારા કરવામાં આવી હતી .જેમાં આચાર્ય શ્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું.તમામ વિધાર્થીઓ તેમજ તમામ અધ્યાપકો ઉત્સાહપુર્વક સહભાગી થયાં હતા.







શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા આજ રોજ સાયબર ક્રાઇમ લોક જાગૃતિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું .આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે જે. એ બારોટ સાહેબ ( ASI બનાસકાંઠા ક્રાઈમ ટેકનીકલ વિભાગ)તેમજ જયેશભ ( પોલીસ ઇન્સ્પેક્ટર ) હાજર રહ્યાં હતાં . આ કાર્યક્રમ ના અધ્યક્ષ કૉલેજ ના આચાર્ય શ્રી ડૉ. આઈ.આર પટેલ હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન આચ શ્રી ના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમ નું સંચાલન પ્રો. ધવલ પટેલ તેમજ પ્રો. મનીષા પટેલ દ્વારા કરવા આવ્યું હતું તેમજ પ્રો.મિત્તલ જોશી દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.તેમજ આભારવિધિ પ્રો અર્ચના બેન દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન દ્વારા સાંપ્રત સમયમાં થયા સોશિયલ મીડિયા દ્વારા થતા ક્રાઈમ તેમજ ડિજિટલ ક્રાઈમ જેવા વિષય પર પ્રેઝન્ટેશન દ્વા સમજૂતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમ માં તમામ અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ એ ભાગ લઈ







શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા રંગોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.જેમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોલેજના આચાર્યશ્રી ડૉ.આઈ આર પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા .આ કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું સંચાલન પ્રો.ધવલ પટેલ અને પ્રો. મનીષા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ પ્રો. અર્ચના બેન દ્વારા કરવામાં આવી હતી.

# રક્ષાબંધન પર્વ ની ઉજવણી

૦૮/૦૮/૨૦૨૫ ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ.ધ્રુવ પંડ્યા તેમજ અતિથિ વિશેષ શ્રી પરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં .આ કાર્યક્રમ ના અધ્યક્ષ તરીકે કોલેજના આચાર્યશ્રી ડૉ .આઈ .આર .પટેલ સાહેબ ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.તેમજ મહેમાનોનું ભાવભેર સ્વાગત પ્રો.હરગોવનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક વિભાગ અને N.S.S વિભાગ અંતર્ગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. નરેશભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આભાર વિધિ પ્રો. મુકેશભાઈ ગઢવી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા તમામ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું












Galaxy F15 5G


Galaxy F15 5G















## તિરંગા યાત્રા:-

તારીખ 13 8 2025 ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા તિરંગા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લોક જાગૃતિના હેતુથી સ્વદેશી અપનાવો દેશ બચાવો થીમ પર આ રેલીનું આયોજન પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણા તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી મંડળના હોદ્દેદારો તમામ વિભાગના વડાશ્રીઓ તમામ અધ્યાપકો સાથે સવારે 8:00 વાગે સંસ્થા ના પ્રાગણમાંથી પ્રસ્થાન કર્યું હતું




શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત શ્રી બીકે પીએસએમ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા  તમામ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ભારત દેશ ના 79 માં સ્વાતંત્ર પર્વની ઉજવણી ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી. હા દિલ નિમિત્તે અમારી કોલેજના આચાર્યશ્રી ડોક્ટર આઈ આર પટેલ સાહેબશ્રી સમગ્ર સ્ટાફ સંસ્થાના અન્ય વાલીઓની સાથે હાજર રહી મંડળના પ્રમુખ સાહેબ શ્રી કર્ણાટક દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ નિમિત્તે અમારી સંસ્થાના પ્રમુખ સાહેબ દ્વારા પ્રસંગને અનુરૂપ કરવામાં આવ્યું હતું શ્રી આરએસએસના વક્તા રવિભાઈ ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા





શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. હસમુખભાઈ પટેલ (મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઊંઝા) ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન દ્વારા સાંપ્રત સમયની સામાજિક સમસ્યાઓ વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું આયોજન કૉલેજ ના આચાર્ય શ્રી ડૉ. આઈ.આર.પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ માં તમામ અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.







શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ દ્વારા સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગુજરાતી વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. ઝવેરચંદ મેઘાણીના જીવન વિશે બાઈવાડિયાં સ્નેહાએ વાત કરી હતી. ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્ય અને સંત સાહિત્ય સંદર્ભે પ્રા. શિવાની ગુંસાઈએ વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હરગોવનભાઈ આલએ કર્યું હતું.વિદ્યાર્થીઓ દ્વારા મેઘાણીની રચનાની સંગીતમય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમની આભાર વિધિ પ્રા. મુકેશભાઈ ગઢવી દ્વારા કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. આઈ. આર. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.





# શિક્ષકદિન ઉજવણી







શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ માં NISM અને KOTAK સિક્યુરિટી નાં સંયુકત ઉપક્રમે SEBI અંતર્ગત એજ્યુકેશન ફોર્ટ યુથ માટે બે દિવસીય વર્કશોપ યોજાયો હતો જેમાં વક્તા તરીકે ડૉ.સિદ્ધિબેન અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતાં જેમાં વિદ્યાર્થીઓ અને તમામ અધ્યાપકો સહભાગી થયા હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન આચાર્યશ્રી ડૉ. આઈ. આર. પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં વિદ્યાર્થીઓને કઈ રીતે પોતાનો ધંધો ચાલુ કરવો અને પૈસા ને કઈ રીતે નિફ્ટી, sip, ગોલ્ડ માં જોડી ને વધારી શકાય તેની સમજ આપવામાં આવી હતી.


**૦૫/૦૯/૨૦૨૫ ના રોજ** શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજ ના વિદ્યાર્થીઓએ આચાર્ય, પ્રોફેસર, ક્લાર્ક અને સેવક ની ભૂમિકા નિભાવી હતી. આ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કોલેજ નું સંચાલન કરવામાં આવ્યું હતું . વર્ગ કાર્ય પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ ને થયેલા અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા અને કોલેજ ના આચાર્ય શ્રી ડૉ આઈ. આર. પટેલ દ્વારા વિદ્યાર્થીઓ ને આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા.










FINANCIAL EDUCATION
FOR YOUNG CITIZEN
Kona Kona Shiksha








શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ માં પોષણ માસ અંતર્ગત સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમા ડૉ.ભારમલભાઈ પટેલ (Epidemologiest ,Banaskantha) અને ડૉ.અમરીશ ભાઈ પંચાસરા , (ભૂમાં હોસ્પિટલ, પાલનપુર) ઊપસ્થિત રહ્યા હતા. બંને ડૉ.દ્વારા વર્તમાન સમયની બીમારી અને તેનાથી બચવાના ઉપાય,તેમજ પોષણ, સમતોલ આહાર જેવાં મુદ્દાઓ પર વ્યાખ્યાન આપ્યું હતું. કૉલેજ ના આચાર્ય ડૉ.આઈ.આર.પટેલ સાહેબ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.મિત્તલ જોષી એ કર્યું હતું. અને આભારવિધિ પ્રો.કલ્પનાબેન પટેલ એ કરી હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક વિભાગ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો



સ્વામી વિવેકાનંદ ની 1893 ની શિકાગો ધર્મ પરિષદ પર વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે અશ્વિનભાઇ કડેચા, સંસ્થા ના પ્રમુખ શ્રી ,ઉપ પ્રમુખ શ્રી ,ખજાનચી તેમજ કૉલેજ ના આચાર્ય શ્રી , તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા . આ વકૃત્વ સ્પર્ધા નો મુખ્ય ઉદ્દેશ સ્વામી વિવેકાનંદ ના વિચારોને વિદ્યાથીઓ પોતાના જીવનમાં આત્મસાત કરે તે હતો. આ વકૃત્વ સ્પર્ધા માં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા .










સ્વામી વિવેકાનંદ જયંતી

૧૪/૦૯/૨૦૨૫
ના રોજ



રાષ્ટ્રિય હિન્દી દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ઇતિહાસ વિભાગ ના પ્રો. મુકેશભાઈ ગઢવી સાહેબ દ્વારા આ દિવસ નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

# નવરાત્રી
















સરદાર વલ્લભભાઈ પટેલ ની 150 મી પુણ્યતિથિ નિમિત્તે ચિત્ર સ્પર્ધા અને વકૃતત્વ સ્પર્ધા રાખી હતી. જેમાં ઇતિહાસ વિભાગના પ્રોફેસર મુકેશભાઈ ગઢવી સાહેબ શ્રી એ સરદાર પટેલના જીવનના પ્રસંગો વિશે વિદ્યાર્થીઓને જ્ઞાનસભર માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન ગુજરાતી વિભાગના પ્રોફેસર હરગોવનભાઈ આલ સાહેબે કર્યું હતું.

# ચિત્ર સ્પર્ધા









શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માં આજ રોજ માનવ અધિકાર દિવસ ઉજવવામાં આવ્યો હતો. તેમાં મુખ્ય વકતા તરીકે બી. કે. મર્કેન્ટાઈલ લો. કૉલેજ માંથી ડૉ. આરતીબેન ઉપસ્થિત રહયા હતા. શાબ્દિક સ્વાગત અને અભિવાદન આચાર્ય શ્રી ડૉ. આઇ. આર. પટેલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન મિત્તલ જોષી દ્વારા અને આભારવિધિ મનિષા પટેલે કરી હતી. સાંસ્કૃતિક વિભાગે કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સહકાર આપ્યો હતો.







શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આજ રોજ વિદ્યાર્થી - વાલી સ્નેહમિલન કાર્યક્રમ નું આયોજન આચાર્ય શ્રી ડૉ.આઇ.આર.પટેલ સાહેબ નાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. શાબ્દિક સ્વાગત ડૉ. હરગોવન ભાઈ દ્વારા અને પ્રાસંગિક પ્રવચન આચાર્ય શ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ એ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. પ્રો. ધવલ ભાઈ દ્વારા વર્ષ દરમિયાન નાં કાર્યક્રમો ની ઝાંખી રજુ કરવામાં આવી હતી. પ્રો. મુકેશ ભાઈ એ પ્રસંગ અનુરૂપ વિચારો રજુ કર્યા હતા. કાર્યક્રમ નું સંચાલન પ્રો.દિવ્યા બેન દ્વારા અને આભારવિધી પ્રો. અર્ચના બેને કરી હતી કાર્યક્રમને સફળ બનાવવા તમામ અધ્યાપકો એ સહયોગ આપ્યો હતો.

# રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી






બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય યુવા દિવસ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કોલેજના NSS વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ડૉ. ઈશ્વરભાઈ પટેલ અને પ્રો. મુકેશભાઈ ગઢવી એ પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. હરગોવન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

વકતૃત્વમાં પ્રથમ બાઈવાડિયા સ્નેહા, દ્વિતીય જોશી મેઘા તૃતીય સોલંકી જીલ અને ચિત્રસ્પર્ધામાં પ્રથમ ગાંભવા મહિમા, , દ્વિતીય દવે જયશ્રી, તૃતીય પટેલ ઉપાસના એ પ્રાપ્ત કર્યો હતો.






શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ આર્ટ્સ & કોમર્સ કોલેજ દ્વારા તમામ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ભારત દેશનો 77 મો પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી તમામ ભગીની સંસ્થાના આચાર્યશ્રી,અધ્યાપકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનો હાજર રહી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ નિમિત્તે સંસ્થાના પ્રમુખ સાહેબ દ્વારા પ્રસંગને અનુરૂપ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું  આ કાર્યક્રમના મુખ્ય મહેમાન જશુભાઈ ચૌધરી પ્રાંત બૌદ્ધિક શિક્ષણ પ્રમુખ અને સંયોજક તરીકે અદ્વિતિય જવાબદારી નિભાવી હતી

# DAY CELEBRATION


| | |
|---|---|
| 09/02 | BLACK & WHITE DAY |
| 10/02 | MAHENDI, RANGOLI & GROUP THEME DAY |
| 11/02 | INDUSTRY VISIT |
| 12/02 | SPORTS DAY |
| 13/02 | TALENT SEARCH DAY ( TRADITIONAL DAY, SAAREE DAY ) |
| 14/02 | FOOD FAIR DAY |

AT :-

SHREE B.K. KADVA PATIDAR SANSKAR MANDAL
ARTS & COMMERCE COLLEGE




બ્લેક & વાઈટ ડે ની ઉજવણી








હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
સંલગ્ન
કડવા પાટીદાર સંસ્કાર મંડળ
સંચાલિત
મર્સ કોલેજ, પાલનપુર
NOTICE BOARD





# ઔદ્યોગિક મુલાકાત કડી

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર દ્વારા તારીખ 11 /2/ 2026 ને બુધવારના રોજ પ્રિન્સિપાલ ડૉ.ઈશ્વરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઔદ્યોગિક મુલાકાત નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બીકોમ અને બીએ ના 58 વિદ્યાર્થીઓ અને 8 અધ્યાપકોએ ભાગ લીધો હતો જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની મુલાકાત લઇ અને ત્યા AI ટેકનોલોજી પર બાળકોએ વર્કશોપનો લાભ લીધો હતો ત્યારબાદ ગોપાલ ગ્લાસ, સેરા સીરામીક છત્રાલ ખાતે આવેલ એકમોની ઉત્પાદન એકમોની મુલાકાત લીધી હતી









# કડી સર્વ વિશ્વ વિદ્યાલય



## સ્પોર્ટ્સ ડે ની ઉજવણી





સ્પોર્ટ્સ ડે

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ - પાલનપુર

# NSS ખાસ શિબિર અહેવાલ

## શૈક્ષણિક વર્ષ 2025-26



**NSS પ્રોગ્રામ ઓફિસર**
**ડૉ. હરગોવન કે. આલ**

**આચાર્ય શ્રી**
**ડૉ. ઈશ્વરભાઈ પટેલ**

**શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ**
**આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર**

## NSS શિબિર પત્રિકા

શ્રમ એ જ શ્રીહરિ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ
આર્ટ્સ & કોમર્સ કોલેજ - પાલનપુર

**રાષ્ટ્રીય સેવા યોજના NSS ખાસ શિબિર - 2026**

## II આમંત્રણ II

શ્રી.......................................................................

જય હિન્દ સાથે આપને જણાવતા આનંદ થાય છે કે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત 2026 વર્ષની **"NSS ખાસ શિબિર"** નું આયોજન પાલનપુર તાલુકાના ભુતેડી મુકામે કરવામાં આવ્યું છે. આપ શ્રીને શિબિરના ઉદ્ઘાટન તેમજ સમાપન સમારોહમાં પધારવા કોલેજ અને NSS પરિવાર વતી હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. તો આપ શ્રી ઉપસ્થિત રહી ગરિમામય કાર્યક્રમની શોભા વધારશોજી.

| ઉદ્ઘાટન સમારોહ | સમાપન સમારોહ |
|---|---|
| તારીખ: 19-01-2026, સોમવાર | તારીખ: 24-01-2026, શનિવાર |
| સમય: સવારે 10:30 કલાકે | સમય: સવારે 09:30 કલાકે |

**શિબિર કાર્યક્રમ સ્થળ : પ્રાર્થના હોલ, પ્રાથમિક શાળા, ભુતેડી તા. પાલનપુર**

**:: નિમંત્રક ::**

**શ્રી ઈશ્વરભાઈ કર્ણાવત**
પ્રમુખશ્રી
શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ

**ડૉ. ઈશ્વરભાઈ આર. પટેલ**
આચાર્યશ્રી
BKKPSM આર્ટ્સ કોમર્સ કોલેજ

**ડૉ. હરગોવન દેસાઈ**
NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી
BKKPSM આર્ટ્સ કોમર્સ કોલેજ

**સમસ્ત NSS સ્વયંસેવક પરિવાર**

**સહયોગી સંસ્થાઓ**

- ગ્રામ પંચાયત, ભુતેડી
- દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ભુતેડી
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભુતેડી
- પ્રાથમિક શાળા - ભુતેડી
- બનાસ બેંક, ભુતેડી
- સમગ્ર ભુતેડી ગ્રામજનો

**: ધ્યેય:**

Not Me But You
રાષ્ટ્રના નિર્માણમાં યુવાશક્તિનો ફાળો...

## દિવસ - ૧ : ઉદ્ઘાટન અને ગ્રામ પરિચય (૧૯/૦૧/૨૦૨૬)

શિબિરના પ્રથમ દિવસે ભુતેડી પ્રાથમિક શાળાના હોલ ખાતે ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ઈશ્વરભાઈ પટેલે યુવાનોને રાષ્ટ્રસેવા માટે પ્રોત્સાહિત કર્યા. પૂર્વ સરપંચ રમેશભાઈ રાતડા, રાજુભાઈ રબારી અને ભલાભાઈ ઠાકોર જેવા અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી.

મુખ્ય પ્રવૃત્તિ : ૫૦ સ્વયંસેવકોએ NSS ના લક્ષ્યોને વરેલા રહેવાના શપથ લીધા. ઉદ્ઘાટન બાદ ડૉ. હરગોવન દેસાઈના માર્ગદર્શન હેઠળ ગ્રામ પરિભ્રમણ કરવામાં આવ્યું. સ્વયંસેવકોએ ઘરે-ઘરે જઈને ગ્રામજનો સાથે મુલાકાત કરી શિબિરના આગામી દિવસોની રૂપરેખા આપી અને ગ્રામ્ય જીવનનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો.






"સેવા યજ્ઞનો પ્રારંભ: માનનીય પ્રિન્સીપાલ મહેમાનશ્રી અને ગ્રામ અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા શિબિરનું મંગલ ઉદ્ઘાટન."











**પ્રથમ દિવસ : શિબિરનો મંગલ પ્રારંભ**

## દિવસ - ૨ : મહા સ્વચ્છતા અભિયાન (૨૦/૦૧/૨૦૨૬)

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' અને 'પ્લાસ્ટિક મુક્ત ભારત'ના સંકલ્પ સાથે બીજા દિવસનં શરૂઆત થઈ. સ્વયંસેવકોને પાંચ અલગ-અલગ ટુકડીઓમાં વહેંચવામાં આવ્યા હતા. મુખ્ય પ્રવૃત્તિ: ગ્રામ પંચાયત કચેરી, શિવ મંદિર, અંબાજી માતા મંદિર, બસ સ્ટેન્ડ, બનાસ બેંક, બનાસ ડેરી અને પ્રાથમિક શાળાના સમગ્ર પરિસરની સફાઈ કરવામાં આવી. વિશેષ કરીને જાહેર સ્થળોએથી બિનજરૂરી પ્લાસ્ટિક કચરો એકઠો કરી તેનો પદ્ધતિસર નિકાલ કરવામાં આવ્યો. ગ્રામજનોને પ્લાસ્ટિકના જોખમો વિશે સમજૂતી આપી સ્વચ્છત જાળવવા અપીલ કરવામાં આવી.










"સ્વચ્છતા ત્યાં પ્રભુતા: ભુતેડીના જાહેર સ્થળોએ પ્લાસ્ટિક મુક્તિ અને સફાઈ અભિયાન ચલાવતા ઉત્સાહી સ્વયંસેવકો."


















**બીજો દિવસ : ભુતેડી ગામ સ્વચ્છતા અભિયાન**

## દિવસ - ૩ : સામાજિક જાગૃતિ - નાટક અને ભીંત સૂત્રો લેખન (૨૧/૦૧/૨૦૨૬)

'ત્રીજો દિવસ સામાજિક ચેતના અને પ્રચાર-પ્રસારનો રહ્યો. ગામના જાહેર રસ્તાઓ અને ચોક આ પ્રવૃત્તિના કેન્દ્ર રહ્યા. સ્વયંસેવકો દ્વારા ગામની દીવાલો પર સ્વચ્છતા, વ્યસનમુક્તિ, ગ્રામ્ય એકતા અને જળ જાગૃતિના સુંદર ભીંતસૂત્રો લખવામાં આવ્યા. બપોર બાદ ગામના ચોકમાં "સ્વજન છોડાવે વ્યસન" નાટક દ્વારા વ્યસનથી થતા નુકસાન અને "સાયબર ફ્રોડ જાગૃતિ" નાટક દ્વારા ડિજિટલ દુનિયામાં છેતરપિંડીથી બચવાના ઉપાયો સચોટ રીતે ભજવી બતાવ્યા, જેને ગ્રામજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.






કલા દ્વારા લોકશિક્ષણ: 'સ્વજન છોડાવે વ્યસન' અને 'સાયબર ફ્રોડ' જાગૃતિ નાટક દ્વારા સામાજિક ચેતના જગાવવાનો નમ્ર પ્રયાસ."











ત્રીજો દિવસ : ભીંતસૂત્રો અને લોક જાગૃતતા પ્રચાર પ્રસાર

## દિવસ - ૪ : આરોગ્ય અને બૌદ્ધિક સત્ર (૨૨/૦૧/૨૦૨૬)

માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર ભાર મૂકવા માટે કોમ્પ્યુટર હોલ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું.

મુખ્ય પ્રવૃત્તિ: શિબિરના ચોથા દિવસે યોજાયેલા મેડિકલ કેમ્પમાં સ્વયંસેવકોએ વ્યવસ્થાપન સંભાળ્યું. મેડિકલ ઓફિસર ડૉ. મિતાશા પટેલ દ્વારા ગ્રામજનોની તપાસ અને માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ બૌદ્ધિક સત્રમાં ડેપ્યુટી સરપંચ શ્રી વીરસંગભાઈએ 'ગ્રામ્ય વિકાસમાં યુવા શક્તિની ભૂમિકા' વિષય પર ધારદાર વક્તવ્ય આપ્યું. તેમણે જણાવ્યું કે ગામડાઓનો વિકાસ જ રાષ્ટ્રનો વિકાસ છે.











સ્વસ્થ સમાજ, સજ્જ યુવાન: મેડિકલ કેમ્પમાં સેવા આપતા વોલેન્ટિયર્સ અને ડેપ્યુટી સરપંચ શ્રી વીરસંગભાઈનું પ્રેરક ઉદબોધન."



















ચોથો દિવસ : મેડિકલ કેમ્પ, પ્રાથમિક શાળા ભુતેડી

## દિવસ - ૫ : કૃષિ જ્ઞાન અને ક્ષેત્ર મુલાકાત (૨૩/૦૧/૨૦૨૬)

કૃષિ પ્રધાન દેશના યુવાનો ખેતીની પાયાની વિગતો જાણે તે હેતુથી ખેતર મુલાકાત ગોઠવવામાં આવી.

મુખ્ય પ્રવૃત્તિ: સ્વયંસેવકોએ રમેશભાઈ ઠાકોર, ભલાભાઈ ઠાકોર અને ધનજીભાઈ સોલંકીના ખેતરોની મુલાકાત લીધી. રમેશભાઈ ઠાકોરે ખેતીમાં 'ખેડૂતના મિત્ર જીવજંતુઓ' વિશે ખૂબ જ રસપ્રદ અને વૈજ્ઞાનિક માહિતી આપી. સ્વયંસેવકોએ પ્રાકૃતિક ખેતી (Organic Farming) ની પદ્ધતિઓ પ્રત્યક્ષ નિહાળી અને રાસાયણિક ખેતીથી થતા નુકસાન સામે જૈવિક ખેતીના ફાયદાઓ વિશે ઊંડાણપૂર્વક સંવાદ કર્યો.






ધરતી માતાનું જતન: પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈ ઠાકોરના ખેતરે પ્રાકૃતિક ખેતી અને મિત્ર જીવજંતુઓ વિશે માહિતી મેળવતા શિબિરાર્થીઓ."










પાંચમો દિવસ : કૃષિ અને પશુપાલન : મુલાકાત

## દિવસ - ૬ : ભવ્ય સમાપન સમારોહ (૨૪/૦૧/૨૦૨૬)

સાત દિવસની મહેનતનો નિષ્કર્ષ એટલે કે સમાપન વિધિ શાળાના પ્રાર્થના હોલ ખાતે યોજાઈ.
મુખ્ય પ્રવૃત્તિ: શ્રી સાગરભાઈ ચૌધરીના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ કર્ણાવત અને બનાસ ડેરીના શ્રી અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. મહેમાનોએ 'સ્વદેશી અપનાવો' અને 'જળ સંચય' ના મહત્વ વિશે સમજ આપી. સ્વયંસેવકોએ શિબિર દરમિયાનના પોતાના પરિવર્તનના અનુભવો રજૂ કર્યા. સાત દિવસમાં કરેલી સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ ડૉ. હરગોવન દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો







સ્વસ્થ સમાજ, સજ્જ યુવાન: મેડિકલ કેમ્પમાં સેવા આપતા વોલેન્ટિયર્સ અને ડેપ્યુટી સરપંચ શ્રી વીરસંગભાઈનું પ્રેરક ઉદબોધન."










છઠ્ઠો દિવસ : ભવ્ય સમાપન સમારોહ

## દિવસ - ૭ : સાંસ્કૃતિક ધરોહરની ઉજવણી અને વિદાય (૨૫/૦૧/૨૦૨૬)

શિબિરનો અંતિમ દિવસ સંપૂર્ણપણે ગ્રામ્ય સંસ્કૃતિને સમર્પિત હતો.
મુખ્ય પ્રવૃત્તિ: સ્વયંસેવકોએ ગામના રબારી વાસ, ઠાકોર વાસ અને ચૌધરી વાસમાં જઈને ગ્રામ્ય રહેણીકેણીનો અનુભવ કર્યો. દીકરીઓએ ઘર સુશોભન કર્યું, યુવાનોએ ગ્રામ્ય પહેરવેશ ધારણ કર્યો અને પારંપરિક રસોઈની રીતો જાણી. સાંજે ભુતેડીના પ્રાચીન શિવ મંદિર અને નજીકની ડુંગરી પર ટ્રેકિંગ કરી પ્રકૃતિને માણી હતી. અંતે, ગ્રામજનોની વિદાય લેતી વખતે આંખોમાં હર્ષના આંસુ અને હૃદયમાં સેવાનું ભાથું લઈને શિબિરાર્થીઓ વિદાય થયા.






"રૂડું ગ્રામ્ય જીવન: ભૂતેડી ગામનો ગ્રામ્ય પહેરવેશ અને સંસ્કૃતિને ઉજાગર કરતા NSS ના સિતારાઓ."










**સાતમો દિવસ : ગ્રામ્ય સંસ્કૃતિ પ્રદર્શન અને વિદાય**










સાતમો દિવસ : ગ્રામ્ય સંસ્કૃતિ પ્રદર્શન અને વિદાય








સાતમો દિવસ : ગ્રામ્ય સંસ્કૃતિ પ્રદર્શન અને વિદાય

# વિદાય : મહાદેવ ડુંગરી ટ્રેકિંગ











## આભાર

# आभार

શ્રી બી.કે.કે.પી.એસ.એમ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,પાલનપુર